**ફોજદારી કેસ નં.૫૮૩૧/૧૭**

**<u>-: આંક- ૧ લગત હુકમ :-</u>**

હાલની ફરીયાદ ફરીયાદીએ ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ- ૧૩૮ અન્વયે દાખલ કરેલ છે. ફરીયાદ દાખલ કર્યા બાદ ફરીયાદીને પુરતી અને વ્યાજબી તક આપવામા આવેલ છે. આરોપીને પ્રોસેસની બજવણી વારંવાર કરતા તેઓને બજી આવેલ નથી. આરોપીનું નવું સરનામુ રજુ કરવામાં ફરીયાદી નિષ્ફળ રહેલ છે. આરોપી સામેનો કેસ ત્યારે જ આગળ ચાલી શકે જયારે આરોપીએ પ્લીનો ઈન્કાર કરેલ હોય. અત્રેના કામે આરોપી હાજર રહેલ નથી. જેથી કોર્ટ દ્રારા જાતે પણ કામ આગળ ચલાવી ફેસલ કરી શકાય તેવુ નથી. આમ, જયારે આરોપીને પુરતી તપાસ કરવા છતા આરોપીને પ્રોસેસ બજી આવેલ ન હોય અને ઘણા સમયથી પ્રોસેસ બજવણી માટે કામ પડી રહેલ હોય ફરીયાદી પોતાનો કેસ ચલાવવા માંગતા ન હોય તેવું જણાઈ આવે છે. આમ, આ કામે રેકર્ડ વંચાણે લેતા આરોપીનું યોગ્ય સરનામુ રજુ કરેલ ન હોય નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**- : હુકમ :-**

(૧) હાલની ફરીયાદ સી.આર.પી.સી.ની કલમ-૨૫૬ અન્વયે રદ કરવાનો હુકમ કરવામા આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામા આવતો નથી.

આ હુકમ આજરોજ તા.૧૩-૦૭-૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ
તા. ૧૩/૦૭/૨૦૧૯

**(ઘનશ્યામ દીલીપભાઈ પડીયા)**
**દસમાં એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,**
**રાજકોટ.**
**( UIC-GJ01072 )**